For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### વિશ્વામિત્રીમાં ફરી મગરનો કહેર, ફેન્સીંગ ન હોવાથી સ્થાનિકોમાં તંત્ર સામે રોષ

# મગરનો આતંક,કુદરતી હાજતે ગયેલા વ્યક્તિને મગર ખેંચી ગયો, મોત નીપજ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા શહેરની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી ફરી એકવાર જીવલેણ સાબિત થઈ છે. કલાલી પાસે આવેલા તલસટ ગામમાં વિશ્વામિત્રી નદીમાં મગરના હુમલામાં એક વ્યક્તિનું કરુણ મોત નિપજ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, તલસટ ગામના રાઠોડ વાસમાં રહેતા રણછોડભાઈ ગત રાત્રે 9:30 થી 10 વાગ્યાના અરસામાં કુદરતી હાજતે જવા નદી કિનારે ગયા હતા. તે દરમિયાન અંધારામાં તેમનો પગ લપસી જતા તેઓ સીધા વિશ્વામિત્રી નદીમાં ખાબક્યા હતા. નદીમાં પહેલેથી જ હાજર એક વિશાળ મગરે તેમના પર હુમલો કરી તેમને નદીના વહેણમાં ખેંચી ગયો હતો. આ ઘટનાની જાણ થતાની સાથે જ વિસ્તારમાં ભારે ચકચાર અને અરેરાટી મચી ગઈ હતી. પરિવારજનો અને ગ્રામજનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ, ખાનગી જીવદયા સંસ્થાના કાર્યકરો અને સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, વિશ્વામિત્રી નદી મગરોનું ઘર ગણાય છે. ચોમાસા દરમિયાન તો અનેક વખત મગરો રહેણાંક વિસ્તારમાં પણ ઘૂસી આવે છે અને અનેક વખત લોકોને નદીમાં ખેંચી જવાના કિસ્સા પણ સામે આવ્યા છે. આમ છતાં તંત્ર દ્વારા નદી કિનારે કોઈ ફેન્સીંગ કે સુરક્ષા દીવાલ ઊભી કરવામાં આવી નથી. આ કરુણ ઘટના બાદ સ્થાનિકોમાં તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે, વારંવાર આવી ઘટનાઓ બનવા છતાં તંત્ર જાગતું નથી અને કોઈ નક્કર પગલાં ભરવામાં આવતા નથી. જો નદી કિનારે સુરક્ષા કવચ હોત તો આજે એક વ્યક્તિનો જીવ બચી શક્યો હોત.

### દીપડાના આંટાફેરાથી પ્રથમપુરામાં ભયનો માહોલ

વડોદરાના સાવલી તાલુકાના પ્રથમપુરા (સિહોરા) ગામે બે દિવસથી દીપડાના આંટાફેરાથી ફફડાટ ફેલાયો છે. કોતર વિસ્તારમાં દીપડો



વારંવાર દેખાઈ રહ્યો છે. સ્થાનિક વ્યક્તિ પર હુમલો કર્યો હતો, જ્યારે બાળકી પર તરાપ મારવાનો પ્રયાસ માતાની હિંમતથી નિષ્ફળ રહ્યો હતો. ગ્રામજનો રાત્રે ટોળામાં લાકડીઓ-ટોર્ચ સાથે ઉજાગરો કરી રહ્યા છે. વન વિભાગને તાત્કાલિક પાંજરું ગોઠવી દીપડાને પકડવાની માંગ કરાઈ છે.

### કેસ પેપર કઢાવ્યા પછી પણ ઇમરજન્સી વોર્ડની બહાર ખુલ્લા ચોપડામાં એન્ટ્રી

# SSGHના ઈમરજન્સી વિભાગમાં મેન્યુઅલ રજિસ્ટરના વિવાદાસ્પદ નિર્ણય સામે હોબાળો

**કોમ્પ્યુટરરાઈઝ** એન્ટ્રી છતાં ચોપડામાં નામ-નંબર લખાવવાનો ફરજિયાત આદેશ અર્થહીન હોવાનો સામાજિક કાર્યકરનો આક્ષેપ

**હોસ્પિટલના** ટેબલ પર ખુલ્લામાં રહેતા રજીસ્ટરમાં દર્દીના સગાના નામ અને મોબાઈલ નંબરો અસુરક્ષિત હોવાનો ગંભીર દાવો

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૩

મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલી નવી વ્યવસ્થા વિવાદના ભંવરમાં ફસાઈ છે. ઈમરજન્સી વિભાગમાં આવતા દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓ પાસે



નામ, મોબાઈલ નંબર અને સરનામું એક ભૌતિક રજીસ્ટરમાં લખાવવાના ફરજિયાત નિર્ણયને કારણે ભારે હોબાળો મચી ગયો છે. સામાજિક કાર્યકર કમલેશ પરમારે આ નિર્ણયને તઘલખી ગણાવ્યો છે અને દર્દીઓના સગાની અંગત માહિતીની ગોપનીયતા જોખમાઈ રહી હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે.

હોસ્પિટલમાં પહેલેથી જ કેસ પેપર કઢાવતી વખતે કોમ્પ્યુટર સિસ્ટમમાં દર્દી અને સગાની તમામ વિગતો ઓનલાઈન સેવ કરવામાં આવે છે, છતાં ઈમરજન્સી વોર્ડની બહાર ખુલ્લામાં મૂકવામાં આવેલા ચોપડામાં ફરીથી આ એન્ટ્રી કરાવવી પડે છે. આ રજીસ્ટર વિભાગની બહાર ખુલ્લું પડ્યું રહેતું હોવાથી તેમાં નોંધાતા હજારો લોકોના મોબાઈલ નંબર અને સરનામા સુરક્ષિત નથી રહેતા, જેનાથી ડેટા લીક કે તેના દુરુપયોગની પૂરેપૂરી શક્યતા નકારી શકાતી નથી. અકસ્માત, હાર્ટ અટેક કે ગંભીર બીમારી જેવા કિસ્સાઓમાં દર્દીના સગા પહેલેથી જ ભારે માનસિક તાણમાં હોય છે, તેવા સમયે સિક્યુરિટી દ્વારા રજીસ્ટરમાં એન્ટ્રી માટે આગ્રહ રાખવાને કારણે તકરાર અને ઘર્ષણના દ્રશ્યો સર્જાય છે. આ સમગ્ર મામલે સામાજિક કાર્યકર કમલેશ પરમારે સત્તાધીશો સામે રોષ વ્યક્ત કરી માંગ કરી છે કે, આ અર્થહીન નિર્ણય લેનાર જવાબદાર અધિકારીઓની તપાસ માટે કમિટી રચવામાં આવે અને દર્દીના સગાને પડતી હેરાનગતિ અટકાવવા આ મેન્યુઅલ પ્રથા તાત્કાલિક બંધ કરવામાં આવે.

# ગણેશ આગમન યાત્રામાં પોલીસની હાજરીમાં જ મારામારી



**બોલાચાલી** બાદ છૂટા હાથની અથડામણનો વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરા શહેરમાં ગણેશોત્સવને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે ગણેશ આગમન યાત્રા દરમિયાન પોલીસની હાજરીમાં જ મારામારી થવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના પાણીગેટ વિસ્તારમાં ગણેશ આગમન યાત્રા નીકળી રહી હતી. આ દરમિયાન બે જૂથો વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને છૂટા હાથની મારામારી શરૂ થઈ ગઈ હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, આ અથડામણ સમયે સ્થળ પર પોલીસનો કાફલો હાજર હતો, તેમ છતાં લોકોએ કાયદો હાથમાં લીધો હતો. ઘટનાને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. ભક્તિમય માહોલમાં આવી ઘટના બનતા ભક્તોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

# ઊંઘતા મુસાફરની રૂ.૧.૫૦ લાખની સોનાની ચેઈન ચોરી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

નિઝામુદ્દીનથી વાપી જતી અગસ્ત ક્રાંતિ તેજસ રાજધાની એક્સપ્રેસમાં મુસાફરી કરતા એકાઉન્ટન્ટની ઊંઘનો લાભ લઈ અજાણ્યા શખ્સે ગળામાંથી રૂ.1.50 લાખની સોનાની ચેઈન ચોરી કરી હતી. ફરીદાબાદમાં રહેતા મિથિલેશ ઝા 13 ઓગસ્ટે ટ્રેન નં.12954ના કોચ બી/05માં સીટ નં.40 પર મુસાફરી કરી રહ્યા હતા. રાત્રે જમ્યા બાદ તેઓ પોતાની સીટ પર સૂઈ ગયા હતા. 14 ઓગસ્ટે સવારે પાંચ વાગ્યે જાગતા ગળામાં પહેરેલી 9.5 ગ્રામની સોનાની ચેઈન ગાયબ હોવાનું જણાયું હતું. તે સમયે ટ્રેન મિયાગામ-કરજણ નજીકથી પસાર થઈ રહી હતી. ચોરીની જાણ થતાં મિથિલેશ ઝાએ અજાણ્યા શખ્સ વિરુદ્ધ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ટ્રેનમાં મુસાફરી કરતા શખ્સો તેમજ રેલવે સ્ટેશનના સીસીટીવી ફૂટેજના આધારે ચોરની શોધખોળ હાથ ધરાઈ છે.

### નવાયાર્ડના વેપારીને 30 ટકા સબસીડી અપાવવાનું કહ્યું હતું

# લારી ચાલકને લોન અપાવવાની લાલચ આપી રૂ.૩.૧૧ લાખની છેતરપિંડી

**નાસ્તાની** લારી પર મિત્રતા કેળવી વેપારી સહિત છ લોકોને ચૂનો ચોપડ્યો, રોકડ-ક્રેડિટ કાર્ડ અને મોબાઇલ લઈ ભેજાબાજ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરાના નવાયાર્ડ નાકા પાસે નાસ્તાની લારી ચલાવતા વેપારી સાથે મિત્રતા કેળવી રૂ.4 લાખની લોન અપાવવાની અને તેમાં 30 ટકા સબસિડી અપાવવાની લાલચ આપી એક શખ્સે વેપારી સહિત સાત લોકો પાસેથી કુલ રૂ.3.11 લાખ પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. છેતરપિંડી બાદ આરોપી મોબાઈલ ફોન બંધ કરી ભાડાનું મકાન ખાલી કરીને ફરાર થઈ ગયો હતો.

નવાયાર્ડ છાણી રોડ પર રહેતા 28 વર્ષીય સંદિપભાઈ પુંજાલાલ પ્રજાપતિ છેલ્લા 12 વર્ષથી નવાયાર્ડ નાકા પાસે શ્રીજી નાસ્તા હાઉસ નામની લારી ચલાવે છે. નાસ્તો કરવા આવતા નિલેશભાઈ ચંદુભાઈ પટેલ સાથે તેમની ઓળખાણ થતાં મિત્રતા થઈ હતી. આરોપી અપંગ હોવાથી ફરિયાદીએ તેને લારી પર બેસવા માટે જગ્યા પણ આપી હતી.

આ દરમિયાન નિલેશે પોતે બેંકમાંથી લોન અપાવવાનું કામ કરતો હોવાનું જણાવી સંદિપભાઈને રૂ.4 લાખની લોન અપાવવાની તથા 30 ટકા સબસિડી અપાવવાની ખાતરી આપી હતી. રાજપીપળા ખાતે પોતાની જમીન આવેલી હોવાનું જણાવી લોન માટે સિક્યુરિટી તરીકે જમીન આપવાની વાત કરીને તેણે વેપારીનો વિશ્વાસ જીત્યો હતો.

ત્યારબાદ લોનની પ્રક્રિયા માટે એડવાન્સ રકમની જરૂર હોવાનું કહી આરોપીએ ફરિયાદી પાસેથી અલગ-અલગ સમયે રૂ.24 હજાર અને રૂ.60 હજાર રોકડ મેળવી હતી. ઉપરાંત રૂ.82 હજારની કિંમતનો આઈફોન પણ લઈ લીધો હતો. આરોપીએ ફરિયાદીનું ક્રેડિટ કાર્ડ મેળવી તેનો ઉપયોગ કરી રૂ.20 હજાર, રૂ.27 હજાર અને રૂ.10 હજાર ઉપાડી લીધા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

આરોપીએ અન્ય છ લોકોને પણ લોન અપાવવાની લાલચ આપી તેમની પાસેથી રૂ.1.94 લાખ મેળવ્યા હતા. આમ કુલ રૂ.3.11 લાખ મેળવ્યા બાદ અચાનક મોબાઈલ બંધ કરી દીધો હતો. તપાસ કરતાં તે ભાડાનું મકાન ખાલી કરીને ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. અંતે સંદિપભાઈએ પોલીસનો સંપર્ક કરતાં પોલીસે નિલેશ ચંદુ પટેલ વિરુદ્ધ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે. અન્ય કોઈ લોકો સાથે પણ આવી છેતરપિંડી થઈ છે કે કેમ તે અંગે તપાસ શરૂ કરાઈ છે.

### સોસાયટીઓમાં શુદ્ધ પાણીનો અભાવ

# વેમાલીમાં નર્મદા કેનાલના પાણીનો વેડફાટ : રહીશો વલખા મારે છે!



**નર્મદાનું** હજારો ગેલન પાણી વિશ્વામિત્રીમાં વેડફાતું હોવાનો આક્ષેપ

**રોડને અડીને** ખુલ્લો જોખમી કૂવો, બાળકો અને પશુઓ માટે જોખમ; સેફ્ટી જાળી નહીં લગાવાય તો ધરણાંની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી અંતર્ગત શહેરી વિકાસના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વેમાલી વિસ્તારમાં પાયાની સુવિધાઓના અભાવે તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. વેમાલીને શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ કરાયા બાદ પણ અનેક સોસાયટીઓમાં પીવાના શુદ્ધ પાણીની નિયમિત વ્યવસ્થા ન હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. સામાજિક કાર્યકર કમલેશ પરમારે આ મુદ્દો ઉઠાવી તંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો છે.

વેમાલી વિસ્તારમાં અનેક રહેવાસીઓ આજે પણ પીવાના પાણી માટે બોરના પાણી પર નિર્ભર હોવાનો આક્ષેપ છે. સ્માર્ટ સિટીના યુગમાં નાગરિકોને શુદ્ધ અને નિયમિત પાણી ન મળતું હોવાને કારણે લોકોના આરોગ્ય સામે પણ જોખમ ઊભું થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. બીજી તરફ, વેમાલી નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાંથી હજારો ગેલન પાણી વિશ્વામિત્રી નદીમાં વહીને વેડફાતું હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

સામાજિક કાર્યકર કમલેશ પરમારે સૂચન કર્યું છે કે કોર્પોરેશન અને નર્મદા નિગમના અધિકારીઓ સંકલન કરીને આ વધારાનું પાણી વેમાલી ગામના તળાવમાં છોડે તો ભૂગર્ભ જળસ્તર ઊંચું આવી શકે છે. પરિણામે સોસાયટીઓના ખાલી પડેલા બોર રીચાર્જ થઈ શકે અને પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવી શકાય તેમ છે.

કેનાલની બાજુમાં રોડને અડીને મોટો કૂવો બનાવવામાં આવ્યો છે, પરંતુ તેની આસપાસ પૂરતી સુરક્ષા વ્યવસ્થા ન હોવાનો આક્ષેપ છે. અહીં નાના બાળકો રમતા તેમજ પશુઓ ચરતા જોવા મળતા હોવાથી કોઈ દુર્ઘટના સર્જાય તેવી ભીતિ વ્યક્ત કરાઈ છે. અગાઉની દુર્ઘટનાઓને ધ્યાનમાં રાખી તંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ છે.

કમલેશ પરમારે તંત્રને ચેતવણી આપતાં જણાવ્યું છે કે કૂવા ફરતે તાત્કાલિક સેફ્ટી જાળી લગાવવામાં આવે અને પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે. અન્યથા સ્થાનિકો સાથે સ્થળ પર ધરણાં અને આંદોલન કરવાની ફરજ પડશે. ભવિષ્યમાં કોઈ જાનહાની થશે તો તેની જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે તેવી ચીમકી આપવામાં આવી છે.

### NOC વિના ૨૦ ફ્લેટ વેચ્યા, ૧૦૭ યુનિટના બાનાખત કર્યા

# રૂ.૩૫ કરોડની લોન, ૧૨૭ યુનિટના બારોબાર સોદા ! પાનસુરીયા બ્રધર્સ સામે વધુ એક ગુનો

**એસ્ક્રો** એકાઉન્ટના બદલે વ્યક્તિગત ખાતામાં રકમ જમા કરાવ્યાનો આક્ષેપ

**લોનના** હપ્તા બંધ થતાં એકાઉન્ટ NPA બન્યું; નોટિસ છતાં રૂ.33.96 કરોડની બાકી રકમ નહીં ચૂકવતા હરણી પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

હરણી-સમા લિંક રોડ પર આવેલા શ્રી સિદ્ધેશ્વર પ્રાઈમ પ્લસ પ્રોજેક્ટના ભાગીદારો પાનસુરીયા બ્રધર્સ સામે કેપ્રી ગ્લોબલ કેપિટલ લિમિટેડ સાથે રૂ.33.96 કરોડની છેતરપિંડીનો વધુ એક ગુનો નોંધાયો છે. આરોપીઓએ પ્રોજેક્ટ માટે રૂ.34.99 કરોડની લોન મેળવી મોર્ગેજ કરાયેલા 203 યુનિટમાંથી 20 યુનિટના વેચાણ દસ્તાવેજ અને 107 યુનિટના રજિસ્ટર્ડ બાનાખત કેપ્રી ગ્લોબલની એનઓસી વિના કરી નાખ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.

કેપ્રી ગ્લોબલના વાઈસ પ્રેસિડન્ટ ભાસ્કર રામનિવાસ અગ્રવાલે નોંધાવેલી ફરિયાદ મુજબ, એસપી ઈન્ફ્રા ભાગીદારી પેઢીના સુરેશ પાનસુરીયા, મનીષ પાનસુરીયા, પ્રવીણ પાનસુરીયા, કિશોર પાનસુરીયા અને રવિ સુરેશ પાનસુરીયાએ હરણી વિસ્તારમાં પ્રોજેક્ટ વિકસાવવા લોન માગી હતી. જુલાઈ 2022માં કંપનીએ રૂ.35 કરોડની ટર્મ લોન મંજૂર કરી હતી. તેની સુરક્ષા પેટે પ્રોજેક્ટની જમીન તથા 203 યુનિટ મોર્ગેજ કરાયા હતા. લોન કરાર મુજબ મોર્ગેજ કરાયેલા યુનિટનું વેચાણ કે બાનાખત કરતા પહેલાં કંપનીની લેખિત એનઓસી લેવી અને વેચાણથી મળેલી રકમ HDFC બેંકના એસ્ક્રો એકાઉન્ટમાં જમા કરાવવાની શરત હતી. જોકે, 30 ઓગસ્ટ 2022થી 25 માર્ચ 2026 દરમિયાન આરોપીઓએ 127 યુનિટના વ્યવહારો કંપનીની મંજૂરી વિના કર્યા હતા. આ સોદામાં મળેલી રકમ એસ્ક્રો એકાઉન્ટમાં જમા કરાવવાને બદલે વ્યક્તિગત બેન્ક ખાતામાં મેળવી હોવાનો આક્ષેપ છે. શરૂઆતમાં રૂ.1.03 કરોડથી વધુના હપ્તા ચૂકવ્યા બાદ લોનની ચુકવણી બંધ કરી દેવામાં આવી હતી. પરિણામે લોન એકાઉન્ટ NPA બન્યું હતું. 30 એપ્રિલ 2026 સુધી રૂ.33.96 કરોડ બાકી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. નોટિસ અને લોન રીકોલ નોટિસ છતાં સંતોષકારક જવાબ કે ચુકવણી ન થતાં હરણી પોલીસે પાનસુરીયા બ્રધર્સ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે સુરેશ અને મનીષ પાનસુરીયાની તાજેતરમાં ધરપકડ થઈ ચૂકી છે.

### તહેવારને અનુલક્ષીને વિસ્તારમાં ઝંડા-તોરણ લગાવવાની કામગીરી ચાલી રહી હતી

# એકતાનગરમાં ઝંડા-તોરણ મુદ્દે વિવાદ મામલો બાપોદ પોલીસ સ્ટેશને પહોંચ્યો





**ઉચ્ચ** પોલીસ અધિકારીઓએ મધ્યસ્થી કરી મામલો થાળે પાડ્યો, તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

વડોદરાના આજવા રોડ પર આવેલા એકતાનગર વિસ્તારમાં ઝંડા-તોરણ લગાવવાના મામૂલી મુદ્દે બે જૂથો વચ્ચે વિવાદ સર્જાયો હતો, જેને પગલે સમગ્ર વિસ્તારમાં તંગદિલી ફેલાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, તહેવારને અનુલક્ષીને વિસ્તારમાં ઝંડા-તોરણ લગાવવાની કામગીરી ચાલી રહી હતી, ત્યારે આ બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મામલો બાપોદ પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. ઘટનાની જાણ થતા જ બાપોદ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ તાત્કાલિક બાપોદ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને બંને પક્ષોના લોકો સાથે વાતચીત કરી સમગ્ર હકીકત જાણવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે સમયસૂચકતા વાપરી બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવી મામલો થાળે પાડ્યો હતો. હાલ આ સમગ્ર ઘટના અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### રાત્રે એકલી પડેલી રાત્રે એકલી પડેલી મહિલા અભયમની ટીમની સમજાવટથી બે બાળકોની માતા પતિના ઘરે પરત ફરી

# પ્રેમમાં પાગલ પરીણિતાએ પતિ અને બાળકોને છોડ્યા

**પ્રેમીએ** પણ રાખવાનું ઇનકાર કરી દીધો, પ્રેમના નામે પ્રેમીએ પ્રેમિકા પાસેથી રૂપિયા પણ પડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રેમના નામે ચાલતા સંબંધનો કરુણ અંજામ સામે આવ્યો હતો. પાંચ વર્ષથી પાડોશના ગામમાં રહેતા પરીણિત યુવક સાથે સંબંધમાં રહેલી બે બાળકોની માતા પતિ સાથેના ઝઘડા બાદ ઘર છોડીને પ્રેમીના ઘરે પહોંચી ગઈ હતી. જોકે, જે વ્યક્તિ માટે મહિલાએ પતિ અને બાળકોનો સાથ છોડ્યો હતો, એ જ વ્યક્તિએ મહિલાને પોતાના ઘરે રાખવાનો ઈનકાર કરી દીધો હતો. અંતે 181 અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે સમજાવટ અને કાઉન્સિલિંગથી મહિલાને પોતાની ભૂલનો અહેસાસ કરાવી પતિના ઘરે પરત મોકલી પરિવારને વિખેરાતો બચાવ્યો હતો.

પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી હિલાને પાંચ વર્ષથી બાજુના ગામમાં રહેતા એક પરીણિત વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હતો. બંનેને સંતાનો હોવા છતાં આ સંબંધ આગળ વધ્યો હતો. મહિલાના જણાવ્યા મુજબ, પ્રેમી વારંવાર તેની પાસેથી પૈસાની માંગણી કરતો હતો અને પ્રેમમાં પડેલી મહિલા તેના ઈરાદા સમજી શક્યા વગર તેને પૈસા આપતી રહી હતી.

દરમિયાન મહિલાના પતિને આ સંબંધની જાણ થતાં ઘરમાં કંકાશ થયો હતો. આ ઘટનાથી વ્યથિત મહિલા રાત્રિના સમયે પતિનું ઘર છોડીને પ્રેમીના ઘરે પહોંચી ગઈ હતી. પરંતુ મહિલાને પોતાના ઘરે આવેલી જોઈ પ્રેમીએ તેને સ્વીકારવાનો ઈનકાર કરી




દીધો હતો અને ત્યાંથી નીકળી ગયો હતો. એક સમયે જે વ્યક્તિ માટે મહિલા પોતાનું ઘર-પરિવાર છોડીને નીકળી હતી. તે જ વ્યક્તિએ સાથ ન આપતા મહિલા મુશ્કેલીમાં મુકાઈ હતી.

મહિલાએ મદદ માટે 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરતાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે મહિલાની વાત શાંતિપૂર્વક સાંભળી અને તેને સમજાવ્યું કે જે વ્યક્તિ માટે તેણે પતિ અને બાળકોને છોડ્યા છે, તે વ્યક્તિ જ તેને સ્વીકારવા તૈયાર નથી. જો ખરેખર પ્રેમ હોત તો મુશ્કેલીની ઘડીએ તેને એકલી છોડીને ન ભાગે તેવી સમજ આપી હતી.

અભયમ ટીમે મહિલાને પોતાના બે બાળકોના ભવિષ્ય વિશે વિચારવા તેમજ પરિવાર તૂટવાથી બાળકો પર પડનારી અસર અંગે સમજાવી હતી. લાંબા સમય સુધી કરાયેલા કાઉન્સિલિંગ બાદ મહિલાને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો અને તેણે પતિ પાસે પરત જવાની તૈયારી દર્શાવી હતી.

ત્યારબાદ અભયમ ટીમ મહિલાને તેના પતિના ઘરે લઈ ગઈ હતી. પતિ સાથે પણ કાઉન્સિલિંગ કરી મહિલાને એક તક આપવા સમજાવવામાં આવ્યું હતું. ટીમની સમજાવટ બાદ પતિએ પત્નીને સાથે રાખવા સંમતિ દર્શાવી હતી.

### એનસીઈઆરટીના QR કોડથી સીધી એન્ટ્રી લઈ શકાશે

# CBSEની મોટી પહેલ, ૮૪૫ વર્ચ્યુઅલ પ્રયોગ શાળા તૈયાર ,હવે લેબ વગર પણ પ્રેક્ટિકલ શક્ય

દીક્ષા એપ પરથી ઘરે બેઠા વિજ્ઞાન-ગણિતના પ્રયોગો કરી શકશે વિદ્યાર્થીઓ

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

બોર્ડના વિદ્યાર્થીઓ માટે હવે વિજ્ઞાન અને ગણિત જેવા અઘરા વિષયો ગોખવાને બદલે રમતા-રમતા શીખવાનું સરળ બનશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે ડિજિટલ શિક્ષણમાં મોટું પગલું ભર્યું છે.

સીબીએસઈએ દેશની લોકપ્રિય ડિજિટલ લર્નિંગ સિસ્ટમ દીક્ષા પોર્ટલ પર 845 કરતા વધુ વર્ચ્યુઅલ લેબ તૈયાર કરી છે. આ લેબ સીઆઈઈટી એનસીઈઆરટી અને કેન્દ્રીય શિક્ષણ તથા આઈટી મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે બનાવવામાં આવી છે. વિદ્યાર્થી ઓને હવે પ્રેક્ટિકલ કરવા માટે સ્કૂલની ભૌતિક લેબ પર નિર્ભર રહેવું પડશે નહીં. ઘરે બેઠા મોબાઈલ કે લેપટોપથી ઈન્ટરેક્ટિવ સિમ્યુલેશન અને 3D એનિમેશન દ્વારા પ્રયોગો કરી શકાશે. દરેક પ્રયોગ એનસીઈઆરટીના અભ્યાસક્રમ, ધોરણ, ચેપ્ટર અને લર્નિંગ આઉટકમ પ્રમાણે ડિઝાઈન કરવામાં આવ્યો છે. જે સ્કૂલોમાં આધુનિક લેબોરેટરીની સુવિધા નથી, ત્યાંના બાળકો માટે આ આશીર્વાદરૂપ સાબિત થશે. શિક્ષકો પણ ક્લાસમાં જટિલ વૈજ્ઞાનિક ઘટનાઓનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરાવી શકશે. વાલીઓ પણ બાળકોને ભણાવવામાં મદદ કરી શકશે. સીબીએસઈએ તેનો ઉપયોગ ખૂબ જ સરળ બનાવ્યો છે. દીક્ષા પોર્ટલ અને દીક્ષા એપ પર ધોરણ અને વિષય વાઈઝ તમામ કન્ટેન્ટ ગોઠવેલું છે. એનસીઈઆરટીની ચોપડીના દરેક ચેપ્ટરની શરૂઆતમાં આપેલા ક્યુઆર કોડને સ્કેન કરીને સીધા જ વર્ચ્યુઅલ લેબમાં જઈ શકાશે. ટૂંક સમયમાં એઆઈ આધારિત ચેટબોટ પણ મૂકાશે, જ્યાં વિદ્યાર્થી પ્રશ્ન પૂછીને સીધો પ્રયોગ શોધી શકશે. જોકે, બોર્ડે સ્પષ્ટતા કરી છે કે આ વર્ચ્યુઅલ લેબ એ સ્કૂલમાં રહેલી અસલી પ્રયોગશાળાનો વિકલ્પ નથી, પરંતુ ભણતરને વધુ મજબૂત બનાવવા માટેની પૂરક વ્યવસ્થા છે.